ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાું.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY

પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

Vol No.: 51 • Issue No.: 44 • Date: 10-10-2024 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00
Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# ચૂંટણીના અખાડામાં જનતા અને શાસકો વચ્ચેનો મોટો મુકાબલો

● પરવેઝ રહેમાની

### શાસકો માટે નિર્ણયકારક સમયે

આ વખતે ચૂંટણી ઓછામાં ઓછા ચારથી પાંચ રાજ્યોમાં થવી જોઈતી હતી, પરંતુ ચૂંટણી પંચે માત્ર બે રાજ્યો, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવાનું નક્કી કર્યું. જમ્મુ-કાશ્મીરમાં ભાજપ મેદાનમાં નથી. ત્યાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસે ગઠબંધન કર્યું છે, અને તે જ મુખ્ય દાવેદાર છે. જોકે, હરિયાણામાં ચૂંટણી ધામધૂમથી થઈ રહી છે, અને આ ધામધૂમ કોંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધીને કારણે છે. તેની સરખામણીમાં ભાજપ હાલમાં સરકારમાં હોવા છતાં ખૂબ નબળી અને બિનકાર્યક્ષમ દેખાઈ રહી છે. કોંગ્રેસની સરખામણીમાં ભાજપ કશું જ નથી. લોકો તેનો વિરોધ કરી રહ્યા છે, અને તેના ઉમેદવારોને મતવિસ્તારમાં પ્રવેશવા દેતા નથી. સામાન્ય રીતે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ચૂંટણી લોકો અને સરકાર વચ્ચેની છે, અને આ વાત પણ સાચી લાગે છે. ફક્ત કોંગ્રેસ જ વિરોધ પક્ષ તરીકે ઊભરી આવી છે. તેથી, તેના નેતાઓ, ખાસ કરીને રાહુલ ગાંધી જ્યાં પણ જાય છે, ત્યાં મોટી ભીડ ભેગી થાય છે, જ્યારે વડાપ્રધાન મોદીની રેલીઓમાં ઓછી ભીડ જોવા મળે છે. બાય ધ વે, મોદી પણ આ વખતે પહેલા જેવી ચમક બતાવતા નથી. ગોદી મીડિયા તરીકે ઓળખાતું સરકારી ચમચાગીરી કરતું મિડિયા પણ હરિયાણાની ચૂંટણીમાં દેખાઈ રહ્યું નથી. જો કે, ખાનગી મિડિયા દરેક જગ્યાએ હાજર છે. તેના એન્કર અને રિપોર્ટરો ખૂબ સક્રિય છે અને જે પણ તેમની સાથે વાત કરે છે, તે સરકાર અને તેના અધિકારીઓની ખામીઓનું વર્ણન કરવા લાગે છે. અપક્ષ નિરીક્ષકોએ કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ૫૦ થી ૭૦ વચ્ચેની ધારણા વ્યક્ત કરી છે, જ્યારે ભાજપને ૧૦ થી ૨૫ બેઠક મળી શકે છે. નિરીક્ષકોનો સામાન્ય અહેવાલ છે કે સરકાર પાસે મતદારોને કહેવા માટે કશું જ નથી. હરિયાણામાં એક રેલીમાં વડાપ્રધાને કંઈક કહેવા માટે મોઢું ખોલ્યું તો તેમણે રાહુલ ગાંધીની ટીકા કરવાનું શરૂ કર્યું. કોઈએ પૂછ્યું કે તમે શું ફક્ત મુદ્દાઓ વિશે વાત કરી શકશો? અમિત શાહે રાહુલ ગાંધીને પૂછ્યું: "રાહુલ બાબા! જો તમે ખેડૂતોની વાત કરી રહ્યા હોવ તો અમને જણાવો કે રવિ પાક શું છે અને ખરીફ પાક શું છે." મોદી અને અમિત શાહ બંનેએ હરિયાણાની ચૂંટણી માટે મુલાકાત લીધી, પરંતુ કોઈ મુદ્દા પર ચર્ચા કરી ન હતી. બંનેએ ફક્ત રાહુલ ગાંધીને અપમાનિત કરવાનો પ્રયાસ કર્યો. પહેલા તેઓ રાહુલને "પપ્પુ" કહી મજાક ઉડાવતા હતા, અને હવે તેઓ તેને અસમર્થ અને અસફળ કહી અપમાનિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩


પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી,
અહમદઆબાદ

### રાજકીય ષડ્યંત્ર

એવું કહેવામાં આવી રહ્યું છે કે મોદી અને તેમના સાથીદારો પાસે ચૂંટણીમાં રજૂ કરવા માટે કોઈ મુદ્દો નથી. તેઓ અત્યાર સુધી જુઠ્ઠાણાઓ પર ચાલી રહ્યા છે. હા, આજે પણ જો કોઈ વિષય હોય તો તે મુસ્લિમો વિશે જૂઠું બોલવાનો છે. સરકારના લોકો મુસ્લિમો વિરુદ્ધ બોલવાનું બંધ કરતા નથી. નવી સમસ્યાઓ હજુ પણ ઊભી થઈ રહી છે. વકફ બિલનો મુદ્દો હજુ ગરમ હતો અને દિલ્હીની પ્રાચીન શાહી ઈદગાહનો મુદ્દો સર્જાયો હતો. ત્યાં સ્થાપિત પ્રાચીન મસ્જિદને તોડી પાડવાનું ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે. ઉત્તરાખંડમાં એક મસ્જિદ તોડી પાડવામાં આવી. મથુરાની ઈદગાહ અને બનારસની જ્ઞાનવાપી મસ્જિદની સમસ્યાઓ હજુ યથાવત છે. તેમના નામો સળગતા રાખવામાં આવી રહ્યા છે. PMએ દેશમાં તેમના કેટલાક ગુંડાઓને છોડી દીધા છે, જે મુસ્લિમો વિરુદ્ધ ભડકાઉ ભાષણો આપતા રહે છે. આસામના સીએમએ તાજેતરમાં એક નિવેદનમાં કહ્યું હતું કે 'અમે મુસ્લિમોને આસામ પર કબજો નહીં કરવા દઈએ. UPના સીએમ યોગી ખાસ કરીને રાજયમાંથી આતંકવાદીઓને ખતમ કરવાની વાત કરે છે. '૨૪ કલાક માટે પોલીસને હટાવી દો, પછી જુઓ શું થાય છે,' એવા ઉશ્કેરણીજનક નિવેદન પણ ધારાસભ્યોએ જાહેર કર્યા છે. વડાપ્રધાન અને કેન્દ્ર સરકાર આ ઉશ્કેરણી પર કોઈ પગલાં લેતા નથી. અને અગાઉ પણ ક્યારેય કોઈ પગલાં લીધા નથી. આ દરમિયાન, ભાજપે હરિયાણા વિધાનસભા માટે બે મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે, જેનાથી





આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે, કારણ કે પાર્ટીએ આ પહેલા ક્યારેય કોઈ મુસ્લિમને ટિકિટ આપી નથી. સામાન્ય ચૂંટણી પછી મોદીએ ગર્વથી કહ્યું હતું કે 'અમે સાબિત કરી દીધું છે કે મુસ્લિમો વિના પણ ચૂંટણી જીતી શકાય છે.' કોંગ્રેસની મુસ્લિમ તુષ્ટિકરણની નીતિ પણ મુસ્લિમોના બંધારણીય અધિકારોને નુકસાન કરવા સમાન છે. દેશની મુસ્લિમ વસ્તી વિશે ઘણા મોટા જુઠ્ઠાણાં ફેલાવવામાં આવી રહ્યા છે. એવું કહેવામાં આવે છે કે 'મુસ્લિમો વધુ બાળકો પેદા કરે છે, જેથી તેઓ દેશ પર કબજો કરી શકે.' પીએમ આ વાક્ય અનેક વખત અલગ અલગ સંદર્ભોમાં કહી ચૂક્યા છે. તાજેતરમાં પીએમએ કોંગ્રેસ પર 'હિંદુઓની સંપત્તિ લૂંટી અને તેને મુસ્લિમોને તથા પાક તરફી લોકોને આપી હોવાનો આરોપ મૂક્યો હતો.

### લોકો માહિતગાર રહે

આ વખતે હરિયાણામાં બે મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની ભાજપની રણનીતિ શું છે, અને કોણ છે આ લોકો, જે ભાજપની ટિકિટ પર ચૂંટણીમાં ઊભા છે? BJPએ આવું કેમ કર્યું, તે સમજવું જરૂરી છે, જ્યારે કે તે ખુલ્લેઆમ મુસ્લિમ નાગરિકોના વિરોધમાં છે. તો પછી બે મુસ્લિમ નાગરિકોને રાજ્ય વિધાનસભામાં મોકલવાના પ્રયાસનો શું અર્થ છે ? રાજ્યસભામાં તેનો એક પણ મુસ્લિમ સભ્ય નથી. ગુલામ નબી આઝાદના રાજ્યસભામાં ભાજપ તરફથી જવાની શક્યતાઓ હતી, પરંતુ તે પણ ન બની. કદાચ આઝાદ સાહેબ આ મામલાને ખોલવા માંગતા ન હતા. સ્વતંત્ર મીડિયાના કેટલાક ટીકાકારોનુ માનવું છે કે BJP હરિયાણામાં પણ પાયમાલી કરી શકે છે. ગયા વર્ષે મેવાતમાં ફાટી નીકળેલ હિંદુ-મુસ્લિમ તણાવ આવી જ રાજકીય યુક્તિઓનું પરિણામ હતું, પરંતુ હરિયાણામાં હિંદુ અને મુસ્લિમ બંનેએ એકસાથે વિરોધ કર્યો. જો કે, હરિયાણામાં હિંદુ-મુસ્લિમ રમખાણો થતા નથી. કેટલાક નિરીક્ષકોએ પરિસ્થિતિથી વાકેફ રહેવાની સલાહ આપી છે, કારણ કે હરિયાણામાં મોદી અને BJPની સ્થિતિ અસાધારણ છે અને તેઓ સત્તા બચાવવા માટે કોઈ પણ પગલું ભરી શકે છે. પાર્ટીનો વધુ એક પ્રયાસ કોંગ્રેસને હરિયાણામાં સત્તામાં આવતાં રોકવાનો છે. રાહુલ ગાંધીને વધુને વધુ બદનામ કરવા માટે તે વિવિધ યુક્તિઓ અપનાવી રહી છે. પછી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં પણ ચૂંટણી યોજાવાની છે, અને ત્યાં પણ BJPની સ્થિતિ નાજુક છે. જો આ ચાર રાજ્યોમાં પાર્ટી હારશે, તો મોદીનું પતન નિશ્ચિત છે. BJPએ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં એકસાથે ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચની મંજૂરી ન આપી, નહીં તો ચારેય રાજ્યોમાં એકસાથે ચૂંટણી BJP માટે ભારે પડી હોત. ભાજપ હરિયાણાની પરિસ્થિતિથી વાકેફ છે. એવું માનવામાં આવે છે કે જો કોંગ્રેસ હરિયાણામાં ૫૦ બેઠકો મેળવે છે, તો અમિત શાહ ત્યાં પ્લાન અનુસાર ચાલશે. હરિયાણામાં મોદીની સરખામણીએ અમિત શાહ વધુ લોકપ્રિય છે, પરંતુ પાર્ટીએ પોતાના દસ વર્ષના કાર્યકાળમાં બતાવી શકાય તેવું કંઈ જ કર્યું નથી. આ સમય દરેક માટે કસોટીનો છે, અને દરેકને તેની જાણ હોવી જોઈએ.




## પયગંબર હઝરત મુહમ્મદ ﷺની નિંદાનો વિરોધ કેમ અને કેવી રીતે ?

આજકાલ દેશના વિવિધ વિસ્તારોમાં માનવતાના ઉપકારક એવા પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ઉપર નિંદનાત્મક નિવેદનો કરવામાં આવી રહ્યા છે. આ કૃત્યો ખૂબ જ વખોડવા પાત્ર, ઘૃણાત્મક અને કઠોર સજાને પાત્ર છે. આ કોઈ નવી સમસ્યા નથી સદીઓથી પ્રચલિત પ્રોપેગંડાનો એક ભાગ છે. અત્યારે દેશમાં બની રહેલ ઈશનિંદાની ઘટનાઓ કોઈ અકસ્માત નથી બલ્કે આયોજનબદ્ધ રીતે મુસલમાનોને માનસિક રીતે તોડી પાડવાનું ષડયંત્ર અને કોમી તણાવને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વકના કૃત્યો છે. સંસ્કૃતિના રક્ષણના નામે અને નિર્ધારિત રાજનૈતિક લાભો માટે દેશને જે આંધળા કટ્ટરવાદ તરફ ધકેલવામાં આવી રહ્યો છે, તે ખૂબ જ ભયંકર છે.

દુનિયામાં હજારો વિભૂતિઓ જન્મી છે, ઘણા મહાત્માઓ આવીને ગયા છે, ઘણા સમાજ સુધારકોએ સમાજમાંથી કુરિવાજોને દૂર કરવા સંઘર્ષ કર્યા છે. વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને બુદ્ધિજીવીઓએ માનવતાને નવી દિશા આપવા માટે અથાક પ્રયાસો કર્યા છે. વિજ્ઞાનીઓએ સભ્યતાને નવા શિખરે લઈ જવા સૃષ્ટિના ઘણા રહસ્યો પરથી પડદો ઉઠાવ્યો છે. પરંતુ સમાજમાં જડમૂળથી કોઈ પરિવર્તન આણી શક્યા નથી. તેઓએ જે વિચારો, સિદ્ધાંતો, સંશોધનો અને આવિષ્કારો કર્યા તે મુજબ કોઈ આદર્શ સમાજની રચના કરવામાં નિષ્ફળ નીવડ્યા છે. હઝરત મુહમ્મદ ﷺ એકમાત્ર વ્યક્તિત્ત્વ છે જેમણે જીવનના દરેક ક્ષેત્રમાં પરિવર્તન આણ્યા. સમગ્ર માનવતા ઉપર અગણિત ઉપકાર કર્યા છે. તેમણે માત્ર વિચારો નથી બદલ્યા બલ્કે સંપૂર્ણ સમાજની એવી કાયા પલટ કરી છે કે ઈતિહાસમાં તેનો બીજો કોઈ દાખલો જડતો નથી. આ વિશાળ ક્રાંતિનું એકમાત્ર કારણ એ હતું કે આપે દૂષિત અને રોગિષ્ટ સમાજને પવિત્ર અને સ્વસ્થ કરવા સચોટ ઉપચાર રજૂ કર્યા. સત્યની પ્રસ્થાપના અને માનવતાના કલ્યાણ માટે આપ નું જીવન બલિદાનોથી પૂર્ણ છે. તેથી અલ્લાહ પછી પ્રેમને પાત્ર સૌથી વધુ હકદાર હઝરત મુહમ્મદ ﷺ છે.

હઝરત મુહમ્મદ ﷺ સાથે મુસલમાનોનો પ્રેમ માત્ર ભાવનાત્મક નથી બલ્કે આસ્થાનો અતૂટ ભાગ અને ઈસ્લામી સંસ્કૃતિનો વારસો છે. તેમની સાથેનો સંબંધ બૌદ્ધિક, ધાર્મિક તથા માનવીય મૂલ્યોને અનુરૂપ છે. આપના પ્રત્યે મુસલમાનોની વફાદારી નસોમાં રક્ત બનીને દોડે છે. તેથી તેઓ બધું જ સહન કરી શકે છે, પરંતુ પોતાના નબી ﷺની શાનમાં ગુસ્તાખી સહન કરી શકતા નથી. ઈસ્લામના શિક્ષણ મુજબ સૌથી મોટો ગુનો અને દુરાચાર બલ્કે સૌથી મોટુ જુલમ અલ્લાહ સાથે સૃષ્ટિની બીજી વસ્તુને ભાગીદાર બનાવવી એટલે શિર્ક કરવું છે. છતાં હઝરત મુહમ્મદ ﷺએ તાલીમ આપી કે તેમનાં ઉપાસ્યોને ગાળ (અશોભનીય શબ્દો) ન કહો. મુસલમાનોએ સામૂહિકરૂપે આ સિદ્ધાંતને અનુસર્યો છે, અને કદાચ કોઈ વ્યક્તિએ અજાણતા આવું કાર્ય કર્યું હોય તો કયારેય ઈસ્લામી વિદ્વાનોએ તેને ન તો યોગ્ય ઠેરવ્યું હોય અને ન જ સામૂહિક રૂપે મુસ્લિમ સમાજે આવી વ્યક્તિને પીઠબળ આપ્યું હશે. પછી કોઈ એવી વ્યક્તિ જેને મુસલમાનો પોતાનાં પ્રાણથી વધુ પ્રેમ કરતાં હોય તેમનાં વિશે કોઈ નિંદાત્મક નિવેદન કેવી રીતે સાંભળી કે સહન કરી શકે. દરેક વ્યક્તિને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે પરંતુ બીજાના જાનમાલ કે ધાર્મિક લાગણીઓ દુભાવવાનો કોઈ અધિકાર નથી. જેઓ અંધકારમાં દીવાની કદર કરવી ન જાણતા હોય તેમને અજવાળામાં રહેવાનો કોઈ અધિકાર નથી. તેમનું સ્થાન કાળ કોઠડી છે, જીવન પર્યંત ત્યાં જ પડ્યા રહેવું જોઈએ. ફિતનાખોરો સમાજમાં ખુલ્લા ફરશે તો સમગ્ર સમાજને પોતાની વિષલી વાણીથી દૂષિત કરશે. સમાજમાં કોમી સૌહાર્દ, બંધુતા અને શાંતિની સ્થાપના માટે જરૂરી છે કે આવા અપરાધીઓને દાખલા રૂપ સજા થાય, કેમકે ફિત્નો ઊભો કરવો હત્યાથી મોટો ગુનો છે.

૧૪૦૦ વર્ષ પૂર્વ આરબના મુશરિકો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓના નબી ﷺ ઉપર કરવામાં આવેલા કેટલાંક વાંધાઓનો જવાબ સ્વયં અલ્લાહે કુર્આનમાં આપ્યો છે. તે સમયથી અત્યાર સુધી આપ ﷺ ઉપર વિવિધ પ્રકારના આક્ષેપો અને વાંધાઓ કરવામાં આવ્યા. દરેક વખતે ઈસ્લામી વિદ્વાનોએ તેમના બૌદ્ધિક, તાર્કિક અને વિવેક પૂર્ણ જવાબો આપ્યા. નિર્દોષ ભાવથી કોઈ વ્યક્તિ સમજવા માગતી હોય તો તેને સમજાવી શકાય. અજ્ઞાનતાના કારણે માણસ કંઈક કહે તો તેની ભ્રમણા દૂર કરી શકાય પરંતુ જે વાંધાઓ માત્ર સામે વાળી વ્યક્તિની લાગણી દુભાવવા, ઈર્ષા અથવા આંધળી શત્રુતાના કારણે હોય તો તેનું કોઈ નિવારણ લાવી ન શકાય. સામાજિક શાંતિ માટે કાયદાને કાયદાનું કામ કરવું જ જોઈએ. પરંતુ ધાર્મિક આગેવાનોને મારી વિનંતી છે કે તેઓ આવા નિવેદનોને વખોડે, તેમજ ધાર્મિક સંગઠનોએ પણ આવી વ્યકિતનો બહિષ્કાર કરવો જોઈએ, કેમકે ધર્મરક્ષણના નામે જે આક્રોશ ઊભો કરવામાં આવી રહ્યો છે તે પોતે ધાર્મિક મૂલ્યની વિરુદ્ધ છે. હિંદુ ધર્મ કે જે પોતાની અંદર વિશાળ, નૈતિક અને આધ્યાત્મિક વારસો ધરાવે છે આંતરરાષ્ટ્રીય સ્તરે તેની નકારાત્મક છબી ઊભી થઈ રહી છે.

મુસ્લિમ બિરાદરોને મારે કહેવું છે કે તેઓ શાણપણ, ધીરજ અને ગૌરવ સાથે આવી ઉશ્કેરણીજનક ઘટનાઓનો સામનો કરે, પોતાનું પ્રદર્શન નોંધાવે પરંતુ કાયદા વ્યવસ્થાને કોઈ નુકસાન ન થવા દે. આવી નિંદાત્મક ઘટનાઓ સામે શાંત રહેવું કાયરતા છે. પરંતુ સાથે જ હઝરત મુહમ્મદ ﷺનો શાંતિ અને કરુણાનો સાચો સંદેશ, તેમના ઉપદેશો, નીતિશાસ્ત્ર તથા ઉમદા ગુણોને દરેક માનવી સુધી પહોંચાડવા અથાક પ્રયાસ કરવા જોઈએ. તેના માટે અભિયાન ચલાવવા અને સોશ્યલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ.

— શકીલ અહમદ રાજપૂત

## મુખ્ય ન્યાયાધીશનું નિવેદન : માત્ર કડક કાયદાથી મહિલાઓની સુરક્ષા નથી થઈ શકતી

નવી દિલ્હીઃ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે તાજેતરમાં એક નિવેદન આપ્યું હતું જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ખાનગી અને જાહેર સ્થળો પર મહિલાઓની સુરક્ષા માટે કાયદાઓની કોઈ કમી નથી. માત્ર કડક કાયદાથી ન્યાયી વ્યવસ્થા બની શકતી નથી. આપણે મહિલાઓની સ્વતંત્રતા અને વિકલ્પોનું ઉલ્લંઘન કરતાં સુરક્ષાત્મક કાયદાઓ સામે તેમનું રક્ષણ કરવું જોઈએ. તેમણે કહ્યું કે મહિલાઓના અધિકારો વિશે વાત



કરવી એ માત્ર મહિલાઓની વાત નથી. મારું માનવું છે કે એક સારા સમાજ માટે મહિલાઓની સમાન ભાગીદારી મહત્ત્વપૂર્ણ છે. ભારતના સંવિધાનને અપનાવતા પહેલા હંસા મહેતાએ ભારતીય મહિલા જીવન ચાર્ટરનું ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો.

આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી અને કાયદાના શાસન પર એક સંમેલનમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું હતું કે દેશ માટે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં અગ્રણી ભૂમિકા ભજવવાનો સમય આવી ગયો છે, જેથી ઘરેલુ અદાલતોથી પરે વિવાદોના નિરાકરણ માટે સમાન તક ઉપલબ્ધ થઈ શકે. તેમણે કહ્યું કે કાયદાના શાસન પ્રત્યેનો આદર નિષ્પક્ષતા, સ્થિરતા અને પૂર્વાનુમાનને પ્રોત્સાહન આપે છે જે બદલામાં આર્થિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે, કારણ કે રોકાણકારો એવી પ્રણાલીમાં ફૂલેફાલે છે જ્યાં અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે, કરારો લાગુ કરવામાં આવે છે અને વિવાદોને કુશળતાપૂર્વક હલ કરવામાં આવે છે.

## મગફિરત માટે દુઆની અપીલ



અહમદાબાદમાં જમાઅતે ઈસ્લામી હિંદના કાર્યની શરૂઆત કરનાર જૂઝ સભ્યો પૈકીના એક જનાબ સાદુલ્લાહ ખાન જયપુરી સાહેબનો લાંબી માંદગી બાદ અવસાન થયું છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના અલય્હે રાજેઊન. અલ્લાહ મર્હૂમની મગફિરત ફરમાવી જન્નતમાં ઉચ્ચ દરજ્જાથી નવાઝે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. મર્હૂમ જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાતના બહુ જ સક્રિય રુકન હતા. ઈસ્લામની સ્થાપનાના કાર્યને લગતું સાહિત્ય ફેલાવવામાં અગ્રેસર રહતા. ઈમરજન્સીના કાળમાં અન્ય તેહરીકી સાથીઓ સાથે તેઓએ પણ ૧૮ મહીના સુધી કારાવાસ ભોગવ્યો હતો. તેઓ બહુ જ મિલનસાર અને પ્રેમાળ સ્વભાવના હતાં. ઈસ્લામી સાહિત્ય તથા શાહીન સાપ્તાહિક તેમજ ઈસ્લામી સામયિકોના ફેલાવવામાં ખાસ રસ ધરાવતા હતા. અલ્લાહ તેમના કાર્યોને સ્વીકૃતિ આપી ઉચ્ચ દરજ્જાથી નવાઝે. આમીન.

મોઃ ૮૮૬૬૮ ૨૩૨૩૨
વર્ષો જૂની પ્રખ્યાત
ઈકબાલ હોટલ
iQbal's
PROUD TO SERVE
SINCE 1947
વેજ - નોનવેજ
મોગલાઈ - મિઠાઈ
પીઝા -સેન્ડવીજ
એ.સી. હોલની સુવિધા ઉપલબ્ધ
રૂા.૩૫૦ના બિલ ઉપર ૨, કિ.મી. વિસ્તારમાં હોમ ડિલીવરી
ઓનલાઈન ઓર્ડર માટે 'સ્વીગી' અને 'ઝોમેટો' ઉપલબ્ધ
પાંચપીપળી, જમાલપુર, અહમદઆબાદ





HMG
ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓઃ 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓઃ 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધઃ વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ખૈરાતનો સાચો હક્કદાર

**“વિશેષરૂપે મદદના હક્કદાર તે નિર્ધન લોકો છે, જેઓ અલ્લાહના માર્ગમાં એવા ઘેરાઈ ગયા છે કે સ્વયં પોતાના રોજગાર માટે ધરતી ઉપર કોઈ દોડધામ કરી શકતા નથી. તેમના સ્વભિમાનને જોઈને અજાણી વ્યક્તિ વિચાર કરે છે કે તેઓ સુખી-સંપન્ન છે. તમે તેમના ચહેરા ઉપરથી તેમની આંતરિક સ્થિતિ ઓળખી શકો છો. પરંતુ તેઓ એવા લોકો નથી કે લોકોની પાછળ પડી જઈને કંઈક માગે. તેમની સહાયતા માટે તમે જે કંઈ ધન ખર્ચ કરશો તે અલ્લાહથી છૂપું રહેશે નહીં.” (સૂરઃ બકરહ, આયત-૨૭૩)**

આ પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે કે જો કોઈની પાસે ધન છે કે જેને તે ખૈર કે ભલાઈના કાર્યોમાં ખર્ચ કરવા ચાહે છે તો એ કોના પર ખર્ચ કરે. એટલે કે કયા લોકો પર ખર્ચ કરવું બહેતર છે. કુર્આને કરીમની કેટલીય આયતોમાં ખૈરાતના હક્કદારોની યાદી આપવામાં આવી છે. દા.ત. ફર્ઝ સદ્કા અર્થાત્ ઝકાતના ખાતા (ખર્ચ)નો ઉલ્લેખ સૂરઃ તૌબાની આયત-૬૦માં છે અને આ ઉપરાંત સૂરઃ બકરહની આયત-૭૭માં નેકીના કાર્યોનો પરિચય કરાવતાં નફ્લ સદ્કા માટેના હક્કદારોને બતાવાયા છે. અલબત્ત અમે અહીં જે આયતનું અધ્યયન કરી રહ્યા છીએ તેમાં એક એવા હક્કદાર સમૂહની તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે જેમનો ઉલ્લેખ કુર્આને કરીમમાં કોઈ અન્ય સ્થળે નથી, અને આ લોકોને પ્રત્યક્ષ રીતે કોઈ અન્ય હક્કદાર સમૂહમાં સામેલ પણ કરવામાં નથી આવ્યા. જો કે તેમની જરૂરતોને પૂરી કરવી એ સમગ્ર મુસ્લિમ ઉમ્મતની મહત્ત્વની જવાબદારી છે. આ ખૂબ જ આદર અને સન્માનને પાત્ર લોકો છે. જેમનો એક વખત ઉલ્લેખ કરી અલ્લાહતઆલાએ મુસલમાનોના અતિ સંવેદનશીલ સ્વભાવ કે પ્રકૃતિને હવાલે કરી દીધા છે.

આ એ લોકો છે કે જેઓ ઈસ્લામની સેવામાં એવી રીતે લાગેલા હોય છે કે તેમની પાસે પોતાની ખાનગી કે વ્યક્તિગત્ (Private, Personal) જરૂરત માટે રોજી કમાવવાનો મોકો નથી હોતો. નબીએ કરીમ સ.અ.વ.ના જમાનામાં મદીનામાં સુફ્ફાવાળા તેનું ઉદાહરણ છે, જેમનો સમગ્ર સમય દીનની સેવા માટે વક્ફ હતો. તેમની જરૂરતો અલ્લાહના નબી સ.અ.વ. પોતે પૂરી ફરમાવતા હતા અને મદીનાના મુસલમાનો તેમનું ધ્યાન રાખતા હતા. એવા લોકો કે જેમણે દીનની સેવા માટે પોતાની જાતને લગાવી કે ખપાવી દીધી હોય આ ઉમ્મતમાં હંમેશાં મૌજૂદ રહ્યા છે અને દીનના ફેલાવા કે પ્રચાર-પ્રસારમાં અને તેને તાજા રાખવામાં વિશિષ્ટ ભૂમિકા ભજવતા કે ફાળો આપતા રહ્યા છે. આવા લોકો પોતાની જરૂરતો માટે કોઈની સામે ન તો મોઢું ખોલે છે અને ન તો હાથ લંબાવે છે એટલે કે માગતા નથી, જેના લીધે લોકો તેમને ખુશહાલ કે સુખી-સંપન્ન સમજે છે. આવી સમજ ધરાવનારા અર્થાત્ આવા જરૂરતમંદ લોકોને ખુશહાલ કે સુખી-સંપન્ન સમજનારાઓને અલ્લાહતઆલાએ આ આયતમાં નાદાન લોકો કહ્યા છે. જો સમજદારીથી જોવામાં આવે તો તેમની તંગીનો અંદાજ થઈ જશે. આ વાત દેખીતી છે કે જરૂરિયાતો તેમની પણ હોય છે અને વસ્તુઓ કે સાધન-સામગ્રીની કમી કે અછતની અસરો તેમના ચ્હેરાઓથી દેખાઈ આવે છે. અહીં આ આયતમાં અલ્લાહતઆલા એની જ તરફ ધ્યાન દોરી રહ્યો છે કે આ લોકોના મોઢાં ન ખોલવા અને હાથ ન ફેલાવવા કે લંબાવવા અર્થાત્ ન માગવા છતાં તેમની જરૂરિયાતો પૂરી કરવામાં આવે. અલ્લાહતઆલાએ આ રીતે ઈજ્જત કે સ્વમાન ભેટ એ લોકો પર ધન ખર્ચ કરવા સંબંધે આ ખબર આપી છે કે આ અમલ અલ્લાહતઆલાથી છૂપું નહીં રહે. વાસ્તવમાં આ ખુશ-ખબર આપવાની સારી રીત છે કે તમે તેમને આપતા જ રહો અને અમે તમને દુનિયા તથા આખિરતમાં એવી રીતે એનાયત કરીશું કે જે તમે ધાર્યું કે વિચાર્યું પણ નહીં હોય અને એટલું બધું તમને આપીશું કે જે તમારા અનુમાન કરતાં પણ ઘણું વધારે હશે.




## અમાનત તથા ઈમાનદારી

**(૫) અનુવાદ :**

**“હઝરત જાબિર રદિ.થી રિવાયત છે. તેઓ કહે છે કે નબી સ.અ.વ.એ ફરમાવ્યું : બેઠકસભા માટે અમાનતદારી જરૂરી છે. અલબત્ત ત્રણ બેઠક-સભાઓ તેનાથી અપવાદ છે: એક એ સભા જેનો સંબંધ કોઈના નાહક-ખૂન વ્હેવડાવવાના ષડ્યંત્રથી હોય, અથવા એ કે જેનો સંબંધ કોઈની આબરૂ લૂંટવાથી હોય, અથવા જેનો સંબંધ કોઈ પણ હક્ક-ઔચિત્ય વિના કોઈનો માલ (ધન-દૌલત) ઝૂંટવાથી હોય.”[૫] (અબૂ દાઊદ)**

**સમજૂતી :**

[૫]જણાયું કે કોઈ બેઠક-સભામાં જે સલાહ-મસ્લત કે ફેસલો ગુપ્તતાનો કરવામાં આવે તેની હેસિયત એક અમાનત (ગોપનીયતા)ની છે. બેઠક-સભાવાળાઓનું આ કર્તવ્ય હોય છે કે તેઓ તેને ગુપ્ત રાખે. પરંતુ જો કોઈ બેઠકમાં જુલમ-અત્યાચાર, દા.ત. કોઈની આબરૂ લૂંટવાનું કે નાહક-કતલનું ષડ્યંત્ર રચાય તો પછી દયાનતદારી અને અમાનતદારી આમાં છે કે એ યોજનાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે, અને એ નાપાક યોજનાથી એ લોકોને વાકેફ કરી દેવામાં આવે કે જેઓ તેને નિષ્ફળ બનાવવામાં અસરકારક પગલા ભરવાની સ્થિતિમાં હોય. આમ કરવું કદાપિ ખયાનત નથી.

**(૬) અનુવાદ :**

**હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે. તેઓ વર્ણવે છે કે રસૂલે ખુદા સ.અ.વ.એ ઈર્શાદ ફરમાવ્યું : જેનાથી સલાહ-મસ્લત કરવામાં આવે તે એમાં અમીન (અમાનતદાર) છે.”[૬] (અબૂ દાઊદ, તિર્મિઝી)**

**સમજૂતી :**

[૬]અર્થાત્ જેની સાથે મશ્કરો કરવામાં આવે તેને આનો અહેસાસ હોવો જોઈએ કે તેને ભરોસાલાયક સમજીને કોઈ તેનાથી મશ્કરો કરી રહ્યો છે. આથી એ મશ્વરો પણ સાચો આપે અને તેની વાતને પણ રાઝમાં (ગુપ્ત) રાખે. આમ-તેમ કે ગમે ત્યાં તેને કહેતો ન ફરે.

**(૭) અનુવાદ :**

**હઝરત હુઝૈફા રદિ.થી રિવાયત છે. તેઓ કહે છે કે અમારાથી રસૂલે ખુદા સ.અ.વ.એ બે હદીસો વર્ણવી. તેમાંથી એકને મેં જોઈ લીધી, અને બીજીનો હું ઈન્તેજાર કરી રહ્યો છું. આપ સ.અ.વ.એ અમને ફરમાવ્યું : અમાનત લોકોના દિલોના ઊંડાણમાં નાઝિલ થઈ. પછી તેમણે કુર્આનને જાણ્યું, પછી સુન્નતને જાણી.” અને આપ સ.અ.વ.એ તેના ઊઠી જવાની સ્થિતિ વર્ણવી. આપ સ.અ.વ.એ ફરમાવ્યું : માણસ ઊંઘશે અને અમાનત તેના હૃદયમાંથી કબ્ઝ કરી લેવામાં આવશે. પછી તેની ધૂંધળી (ઝાંખી) અસર રહી જશે. પછી જ્યારે એ ઊંઘશે તો બાકી અમાનત પણ કાઢી લેવામાં આવશે, અને એક છાલા જેવો નિશાન રહી જશે, જાણે કે તમે આગનો એક તણખો પોતાના પગ પર નાખી દો અને તેનાથી છાલો પડી જાય અને બાહ્ય રીતે તમે તેને ઊભરેલો જુઓ, જો કે તેમાં કોઈ વસ્તુ નહીં હોય. સ્થિતિ આ હશે કે લોકો પરસ્પર ખરીદ-વેચાણ કરશે, પરંતુ કોઈ એક પણ અમાનતને અદા કરતો દેખાશે નહીં. તે એટલે સુધી કે કહેવામાં આવશે કે ફલાણા ખાનદાનમાં એક અમાનતદાર વ્યક્તિ છે,**

(અનુસંધાન પાચમા પાને)

“જ્ઞાન સભા”

# પતિનું આજ્ઞાપાલન કેટલી હદ સુધી ?

“જ્ઞાન સભા”

ડો.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : મેં એક દીની મદ્રસામાં શિક્ષણ મેળવ્યું છે, દીની વિચારધારા ધરાવું છું. નવ (૯) વર્ષથી સરકારી નોકરીમાં છું. બે વર્ષ પહેલાં નિકાહ થયો છે. પતિની માગ છે કે હું ઘર બનાવવા માટે હોમ લૉન લઉં. હું વ્યાજના કારણે આમાં પડવા નથી ઈચ્છતી, આથી આંખ આડા કાન કરી રહી છું. આવી જ રીતે ગર્ભ રહ્યા બાદ પતિ ઈચ્છતા હતા કે હું ગર્ભપાત કરાવડાવી લઉં આના માટે પણ હું તૈયાર ન થઈ.**

**હવે પતિ સમજવા લાગ્યા છે કે હું એક અવજ્ઞાકારી પત્ની છું. તેઓ કહે છે કે આ બાબતોમાં મારે પતિનું કહેવું માનવું જોઈએ. પતિની નારાજગી પર પત્નીની દુઆ કબૂલ નથી થતી. તેઓ મને જહન્નમી પત્ની કહે છે. આપ મારૂં માર્ગદર્શન કરો કે હું શું કરૂં ?**

ઉત્તર : દીન પર ચાલવાના મામલે પતિ-પત્નીએ એક બીજાને મદદરૂપ થવું જોઈએ. આ કાર્ય એ સમયે વધુ સારી રીતે થઈ શકે છે કે જ્યારે નિકાહ કરતી વખતે જ દીનદારીને પ્રાથમિકતા આપવામાં આવે. છોકરો અને તેના સરપરસ્ત (વાલી) કોઈ છોકરી શોધે તો ધન-દૌલત કે સંપત્તિ, વંશ કે ખાનદાન અનો સૌંદર્ય પર દીનાદારીનો પ્રાથમિકતા આપો. આવી જ રીતે છોકરીના સરપરસ્ત કે વાલી કોઈ દીનાદાર અનો ચારિત્ર્યવાના છોકરાનો રિશ્તો-સગપણ મેળવે તો તેની સાથે રાજીખુશીથી નિકાહ કરી દે. દીનદારીની દૃષ્ટિએ જો પતિ-પત્ની વચ્ચે એક-રૂપતા હોય તો સંબંધો ખૂબ જ સુમેળભર્યા રહે છે અને સમગ્ર પરિવાર પ્રેમના છાંયડામાં રહે છે. પરંતુ જો આમાં એક-રૂપતા કે સામ્ય ન હોય તો સંબંધોમાં ખટાશ આવવા લાગે છે.

દરેક મુસલમાનની ચાહે એ પુરુષ હોય કે સ્ત્રી જવાબદારી છે કે એ જીવનની તમામ બાબતોમાં અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.ના આજ્ઞાપાલનને અનિવાર્ય સમજે. એ દરેક કાર્યમાં જુએ કે શરઈ રીતે એ જાઈઝ છે કે નહીં. અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.એ આની પરવાનગી આપી છે કે નહીં. જો એ કાર્ય ના-જાઈઝ હોય તો દરેક સંજોગોમાં તેનાથી બચો, ભલેથી ગમે તેના તરફથી તેનો વિરોધ થતો હોય. અલ્લાહના રસૂલ સ.અ.વ.નો ઈર્શાદ છે : સર્જનહાર (અર્થાત્ અલ્લાહના પ્રતિબંધ કે તેણે ઠેરવેલ સામે કોઈ પણ સૃજનનું આજ્ઞાપાલન કરવામાં નહીં આવે.” (અલ-જામેઅ અસ્સગીર : ૯૮૮૪)

પતિ જો પત્નીને ગેર-શરઈ અને નાજાઈઝ કાર્યનો હુકમ આપે તો તેના માટે તેનો હુકમ નહીં માનવાની પરવાનગી છે. તેની ગણના પતિની નાફરમાની કે અવજ્ઞામાં નહીં થાય. તમે જે બે વાતોનો ઉલ્લેખ કર્યો છે તેમના વિષે પતિની વાત નહીં માનીને તમે ખોટું નથી કર્યું. પત્ની માટે ભરણ-પોષણ (રહેણાંક વિ.) ઉપલબ્ધ કરાવવાની જવાબદારી પતિની છે. ઘરનો ખર્ચો ચલાવવા માટે પત્નીનું નોકરી કરવું જરૂરી નથી. અલબત્ત પતિની પરવાનગીથી તે કોઈ નોકરી કરી શકે છે, પરંતુ એ પોતાની કમાણીની પોતે માલિક હશે. પતિ દ્વારા તેની કમાણીની પોતે

(અનુસંધાન પાચમા પાને)

# લાંચ-રુશ્વત અને તેના નુકસાન

## ઇસ્લામી મુઆશરા

● હાફિઝ મુ. ઈબ્રાહીમ ઉમ્રી



(ગતાંકથી ચાલુ...)

**લાંચ-રુશ્વતના નુકસાન :**

(૧) લાંચ-રુશ્વતના અસંખ્ય નુકસાનો છે. તેનું સૌથી મોટું નુકસાન આ છે કે સમાજના લોકોથી હમદર્દી અને ભલાઈની લાગણીઓ સમાપ્ત થઈ જાય છે અને સ્વાર્થવૃત્તિની ભાવના વિકસવા લાગે છે.

ઈસ્લામની નજીક સૌથી સારો મુસલમાન એ છે કે જે બીજાઓના કામ આવે. પોતાના ઈલ્મ (જ્ઞાન), અનુભવ અનો કાબેલિયતોથી બીજાઓને ફાયદો પહોંચાડે. રસૂલે અકરમ સા.અ.વ.એ સારા મુસલમાનોનો પરિચય કરાવતાં ફરમાવ્યું : "સૌથી શ્રેષ્ઠ માણસ એ છે જે લોકોને સૌથી વધુ ફાયદો પહોંચાડે." (અસ્ સિલસિલતુસ્ સહિય્યહ)

સ્વાર્થવૃત્તિ ઈમાની ભાઈચારાની પણ વિરુદ્ધ છે. ઈસ્લામે મુસલમાનોને પરસ્પર ભાઈ-ભાઈ ઠેરવ્યા છે. ઈસ્લામી ભાઈચારાનો તકાદો છે કે દરેક મુસલમાન પોતાના મુસલમાન ભાઈની સાથે હમદર્દી અને ભલાઈનો મામલો કરે. નાહક્ક (ખોટી રીતે) કોઈનો માલ હડપ કરવો જાઈઝ નથી. એક પ્રસંગે નબીએ કરીમ સ.અ.વ.એ ફરમાવ્યું હતું : દરેક મુસલમાનનું લોહી, માલ અને ઈજ્જત બીજા મુસલમાન ઉપર હરામ છે." (મુસ્લિમ)

જો કોઈ અનુચિત રીતે કોઈની એક વેંત જમીન ઉપર પણ કબજો કરે છે તો કયામતના દિવસે તેની જમીનને અલ્લાહતઆલા તેના ગરદનનું તોક બનાવી દેશે. (મુસ્લિમ)

મસ્જિદે નબવીમાં નમાઝ અને એ'તિકાફ ખૂબ જ અજ્ર (વળતર) અને સવાબનું કાર્ય છે. તેમાં પઢાનારી એક નમાઝ અન્ય મસ્જિદોમાં પઢાનારી એક હજાર નમાઝો કરતાં શ્રેષ્ઠ છે. (સહીહુલ જામેઅ અસ્ સગીર વ ઝિયાદહ : ૩૮૩૮)

કોઈ મો'મિન ભાઈની મદદ કરવાને આપ સ.અ.વ.એ મસ્જિદે નબવીની ઈબાદતો કરતાં શ્રેષ્ઠ ઠેરવી છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે એક વ્યક્તિએ અલ્લાહના રસૂલ પસંદપાત્ર વ્યક્તિ કોણ છે ? અને સૌથી વધુ પસંદપાત્ર આ'માલ (કર્મો) કયા છે ? આપ સ.અ.વ.એ ફરમાવ્યું : સૌથી પસંદપાત્ર વ્યક્તિ એ છે કે જે લોકોના કામ આવે, અને સૌથી પસંદપાત્ર આ'માલ (કર્મો) આ છે : કોઈ મુસ્લિમને ખુશ-રાજી કરવો, તેની પરેશાની દૂર કરવી, તેનું દેવું અદા કરવું (ચૂકવવું) અને તેની ભૂખ મટાડવી. પછી આપ સ.અ.વ.એ ફરમાવ્યું : પોતાના કોઈ ભાઈની જરૂરત પૂરી કરવા માટે તેની સાથે ચાલીને જવું, આ મને વધુ પસંદ છે આ વાતથી કે હું આ મસ્જિદ (મસ્જિદે નાબવી)માં એક મહિના સુધી એ'તિકાફ કરૂં." (સહીહુલ જામેઅ અસ્ સગીર વ ઝિયાદહ : ૧૭૬)

(૨) લાંચ-રુશ્વત અને ભ્રષ્ટાચારના લીધે સમગ્ર સમાજ અશાંતિ અને બેચેનીનો ભોગ બની જાય છે. કોઈ પણ દેશની શાંતિ તથા સુકૂનનું સૌથી મહત્ત્વનું કારણ ત્યાંનો ન્યાયી કાયદો હોય છે. જ્યાં કાયદા-કાનૂનનું શાસન હશે. ત્યાં રુશ્વત અને ભ્રષ્ટાચાર જેવા નાજાઈઝ કે અનુચિત કાર્યો માટે માર્ગ નથી હોતો. અને જ્યાં કાનૂની સંસ્થાઓ પર લાંચ-રુશ્વતના વાદળ ઘેરાવા લાગે છે, ત્યાં સારામાં સારા કાયદા પણ બેકાર બનીને રહી જાય છે. ચોરી, ધાડ, કતલ અને હત્યા, ધોખેબાજી, કુકર્મો અને દહેજ-પ્રથા જેવા અનેક અપરાધો એવા છે કે જેમનાથી આજે દરેક માણસ પરેશાન છે. તેમને રોકવા માટે કડક કાયદાઓ પણ મૌજૂદ છે. તેમ છતાં પણ આ સમસ્યાઓમાં પ્રિતદિન વધારો થવાનું મૂળ કારણ એ રુશ્વત છે જે સારામાં સારા કાયદાને પણ ધૂળમાં મેળવી દે છે. લાંચ-રુશ્વત અપરાધીને અપરાધનું આચરણ કરવાના મામલામાં નિર્ભીક અને નીડર બનાવી દે છે, કેમકે એ જાણે છે કે લાંચ-રુશ્વત દ્વારા અપરાધની સજાથી બચી શકાય છે. આજે સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને આપણા દેશમાં કડકમાં કડક કાયદા-કાનૂન હોવા છતાં અપરાધોમાં વધારો થતો જઈ રહ્યો છે. અહીં મોટામાં મોટો અપરાધી રુશ્વત આપીને સહેલાઈથી અપરાધની સજાથી નિર્દોષ છૂટી જાય છે. આપણા દેશમાં બહુ ઓછા રાજકારણીઓ એવા છે જેમનું દામન અપરાધથી મુક્ત-નિષ્કલંક છે. આમ છતાં તેઓ કોમના આગેવાન અને માર્ગદર્શક બનેલા છે. જે દેશના માર્ગદર્શકોની આ સ્થિતિ હોય ત્યાંની પ્રજા કેવી રીતે શાંતિ અને સલામતી સાથે જીવન વિતાવી શકે છે.

(૩) રુશ્વતના લીધે હંગામી કે થોડાક સમયનો ફાયદો તો થઈ શકે છે પરંતુ એ પોતે તેના નુકસાનના લક્ષ્ય પર આવી શકે છે. એક સરકારી અધિકારી કોઈ સરકારી કોન્ટ્રાક્ટરથી લાંચ લઈનો તોના ખામીયુક્ત નિર્માણકાર્યને મંજૂરી આપી દે છે, અને આ સમજે છે કે આજે તેની આવકમાં વધારો થયો. પરંતુ તે આ નથી વિચારતો કે તેના આ અપરાધ પર પડદો નાખવા માટે, અથવા વિવિધ સ્થળોએ પોતાના કાર્યો પાર પાડવા માટે આવતી કાલે તેણે સ્વયં રુશ્વત આપવી પડશે.

(અનુસંધાન 5મા પાને)

સોનેરી વાક્યો સોનેરી વાક્યો

## સોનેરી કથન

### હઝરત મુજદ્દિદ અલ્ફસાની રહ.

- પોતાના વિરોધીઓ સાથે વિવાદ કે ખોટી ચર્ચા ન કરો, અને જે નેક વાત હોય તે મિત્રોને પણ સંભળાવો.
- મિત્રના નારાજ થવાના વિચારથી તેને હક્ક-સત્ય વાત ન બતાવવી મિત્રતાનો હક્ક નથી.
- સૌથી વધારે મુશ્કેલ નફ્સ-મનેચ્છા પર શરીઅત અને નેકીની પાબંદી (નિયમિત પાલન કરવું) છે.
- સૌથી વધારે અઝાબ અમલ-વિહોણા આલિમ પર થશે.
- દિલ આંખના તાબે છે. આંખ બગડશે તો દિલની રક્ષા મુશ્કેલ છે, અને દિલ બગડે તો શર્મગાહની રક્ષા વધુ મુશ્કેલ છે.
- બાહ્ય વાસ્તવમાં અંતર્મનનો નમૂનો છે.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧ મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

SHOEZONE શુ ઝોન
ALL TYPE OF GENTS AND LADIES FOOTWEAR
EXCLUSIVE RANG OF FOOTWEAR
HUNER NAGORI : 9624982155
6739, Agarwal House, Opp, Z.K. Hotel, Relief Road, Ahmedabad-01.

'ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)



M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound, S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭ ૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

## લાંચ-રુશ્વત અને તેના નુકસાન

(ચોથા પાનાનું ચાલુ)

રુશ્વત દ્વારા હાસલ થનારા માલમાં ખૈર તથા બરકત કદાપિ નથી હોઈ શકતી, કેમકે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ લાંચ-રુશ્વત લેવા અને આપવાવાળા ઉપર લાનત મોકલી છે. વિચાર કરો, રસૂલે અકરમ સ.અ.વ.કે જે સમગ્ર માનવતા માટે રહેમત બનાવીને મોકલવામાં આવ્યા હતા (છે), માનવતાના સાચા હમદર્દ અને શુભેચ્છક હતા (છે). મુશ્રિકોએ રસૂલ સ.અ.વ. અને રસૂલ સ.અ.વ.ના સહાબા રદિ.ને દરેક રીતે સતાવવામાં આવ્યા અને દરેક રીતે ઈજા પહોંચાડી. આ યાતનાઓથી કંટાળીને સહાબાએ કિરામ રદિ.એ આપ સ.અ.વ.ને વિનંતી કરી કે આ દુશ્મનો માટે બદ્દુઆ કરો, તો રસૂલે રહેમતનો ઉત્તર હતો : હું લાનત-મલામત કરનારો બનાવીને મોકલવામાં નથી આવ્યો." (મુસ્લિમ)

જે રસૂલ સ.અ.વ.એ પોતાના દુશ્મનો માટે બદ્દુઆ નથી ફરમાવી એ રહેમતવાળી હસ્તીએ રુશ્વતખોરો માટે બદ્દુઆ ફરમાવી. આનાથી અંદાજો લગાવી શકાય છે કે રુશ્વત કેટલો ગંભીર ગુનો છે, અને આ ધ્યાન આપવા લાયક વાત છે કે જે વ્યક્તિ માટે રસૂલુલ્લાહ સ.અ.વ.એ બદ્દુઆ કરી હોય એ માણસ ચેનથી કેવી રીતે રહી શકે છે.

(૪) રુશ્વતનું સૌથી મોટું નુકસાન તો આખિરતનું છે. ફરમાવવામાં આવ્યું : કહો, સાચા દેવાળિયા તો તે લોકો છે જેમણે કયામતના દિવસે પોતાને અને પોતાના કુટુંબિજનોને નુકસાનમાં નાખી દીધા." (સૂરઃ ઝુમર, આયત-૧૫)

આખિરતમાં તેનું નુકસાન આ હશે કે તેની તમામ નેકીઓ એ લોકોમાં વ્હેંચી દેવામાં આવશે જેમનું તેણે અન્યાયી રીતે માલ હડપ કરી લીધું કે પચાવી પાડયું હતું. જો તેની નેકીઓ પૂરી થઈ જશે તો મજલૂમો-પીડિતોના ગુનાહ તેના માથે થોપી દેવામાં આવશે અને તેને જહન્નમમાં પહોંચાડી દેવામાં આવશે.

જેવી રીતે રુશ્વત લેવી અપરાધ છે એવી જ રીતે રુશ્વત આપવી પણ અપરાધ છે. બન્ને સજાને પાત્ર છે. અલબત્ત કેટલીક પરિસ્થિતિઓ એવી છે કે જ્યાં આ મામલામાં નરમી વર્તવામાં આવી છે. દા.ત. (૧) જાન કે માલનો ખતરો શક્ય હોય. (૨) પોતાના હક્ક વેડફાવા-ખતમ થવાની આશંકા હોય. (૩) સુલતાન કે અમીર (પ્રમુખ, વડા) સમક્ષ મામલાની સાચી સ્થિતિ સ્પષ્ટ કરવા માટે વિ. વિ.. આ પ્રકારની સ્થિતિઓમાં જો બીજાઓના હક્ક ઝૂંટવાતા કે હણાતા ન હોય તો રુશ્વત આપી શકાય છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રદિ.થી નોંધવામાં આવ્યું છે કે જે વખતે હબ્શામાં હતા તો એ વખતે આપ રદિ.ને જાન છોડાવવા માટે દિર્હમ તથા દીનાર રુશ્વતરૂપે આપવા પડ્યા, ત્યારે આપ રદિ.ને મુક્તિ મળી. એ પ્રસંગે આપ રદિ.એ ફરમાવ્યું હતું : "(આવી સ્થિતિમાં) ગુનાહ રુશ્વત લેનારા ઉપર છે, આપનારા ઉપર નહીં." (ઈબાદ યહબહૂમ વસ્ સુન્નહ)

તાબઈનના એક સમૂહથી નોંધાયેલ છે કે જો જાન કે માલનો ખતરો શક્ય હોય તો રુશ્વત આપવામાં કોઈ વાંધો નથી. (તોહફતુલ અહૂઝી)

મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાની લખે છે : "જે રીતે રુશ્વત લેવી હરામ છે એવી રીતે રુશ્વત આપવી પણ હરામ છે. આ અંગે ફિકહવેત્તાઓને ત્યાં એક સર્વસંમત સિદ્ધાંત આ છે કે : "જે વસ્તુનું લેવું જાઈઝ નથી તેનું આપવું પણ જાઈઝ નથી." અલબત્ત કેમકે રુશ્વત લેવી મજબૂરી નથી બની શકતી અને રુશ્વત આપવી કેટલીક વખત મજબૂરી બની જાય છે, આથી ફિકહવેત્તાઓએ જરૂરત અને મજબૂરી વખતે રુશ્વત આપવાની પરવાનગી આપી છે. રુશ્વત આપવાની ગુંજાયશ ક્યારે હશે? આ અંગે ફિકહવેત્તાઓએ આ સિદ્ધાંતો નક્કી કર્યા છે કે જો રુશ્વત ન આપે તો ખોટી કે અનુચિત રીતે તેને જાન કે માલના નુકસાનની આશંકા હોય, અથવા આ આશંકા હોય કે જે જવાબદાર પાસે તેની દરખાસ્ત વિચારણા હેઠળ છે, તે એની સાથે ન્યાયથી કામ નહીં લે અને તેના અન્ય ઉમેદવારો વચ્ચે સમાન વર્તન નહીં રાખશે તો, આ પ્રકારની સ્થિતિઓમાં રુશ્વત આપવી જાઈઝ છે." (જદીદ ફિકહી મસાઈલ, ૧/૩૦૦)

રુશ્વતના હરામ હોવાનું મૂળ કારણ આ છે કે તેના લીધે ક્યાં તો અસત્યની મદદ થાય છે, અથવા બીજાઓના હક્કોનું હનન થાય છે. જો કોઈ વ્યક્તિ હક્કદારોને તેમના હક્ક દેવડાવવામાં તેમની મદદ કરે અને પોતાનો સમય ખર્ચ કરે છે અને તેમના પર કંઈક વળતર મેળવે છે તો એ તેના માટે જાઈઝ છે, કેમકે આ ન તો અસત્યની મદદ છે અને ન તો કોઈના પર જુલમ છે. જ્યારે કે આ તેના હક્કો અને ફરજોમાં દાખલ ન હોય. અલબત્ત આ પ્રકારના કાર્યોમાં અલ્લાહના રસૂલ સ.અ.વ.એ વળતર નહીં લેવા પર ઉભાર્યા છે. હઝરત અબૂ મૂસા રદિ. ફરમાવે છે કે જ્યારે કોઈ જરૂરતમંદ આપની સેવામાં હાજર થતો તો આપ સહાબાએ કિરામ રદિ.ની તરફ ધ્યાન કરીને ફરમાવતા : પોતાના જરૂરતમંદ (ભાઈના હક્કમાં) ભલામણ કરો, વળતર અને સવાબના હક્કદાર હશો. અલ્લાહતઆલા પોતાના નબી સ.અ.વ.ના મુખેથી એ જ ફેસલો લાગુ કરે છે જે તેને પસંદ હોય." (મુસ્લિમ)

રુશ્વત અને ભ્રષ્ટાચારની નાબૂદી માટે જરૂરી છે કે પ્રજાને તેના સામાજિક, દુન્યવી અને આખિરતના નુકસાનોથી વાકેફ કરવામાં આવે અને સાથે જ કાયદા-કાનૂનના શાસનને ચોક્કસ બનાવવામાં આવે.

દુઆ છે કે અલ્લાહતઆલા આપણને બંદાઓના હક્કો અદા કરવા અનો દરેક પ્રકારના જુલમ-અત્યાચારથી બચવાની તોફીક એનાયત ફરમાવે. આમીન.

•••

## જ્ઞાનસભા

(ત્રીજા પાનાનું ચાલુ)

માલિક હશે. પતિ દ્વારા તેની કમાણી પર કબજો કરી લેવો યોગ્ય નથી. એ ઈચ્છે તો પોતાની મરજીથી પતિ અને સાસરિયાઓની આર્થિક સહાય કરી શકે છે. સામાન્ય સંજોગોમાં વ્યાજ પર આધારિત કોઈ પણ પ્રકારની લોન લેવી જાઈઝ નથી. સખત લાચારી ન હોય તો આનાથી બચવું જોઈએ. તમે બિલકુલ ખરૂં કર્યું કે હોમ લોન લેવાથી ઈન્કાર કર્યો. આવી જ રીતે સામાન્ય સંજોગોમાં ગર્ભપાત કરાવવો એ અલ્લાહને નારાજ કરનાર અમલ છે. મુસ્લિમ દંપતીએ આનાથી બચવું જોઈએ. તમે પતિ અનો સાસરિયાવાળાઓની સામે પોતાનું વલણ નરમી સાથે મૂકો. તમારૂં વલણ સહાનુભૂતિ અને પ્રેમભર્યું હોવું જોઈએ. પતિની અદબ તથા આદર સાથે વિનમ્ર શૈલીમાં વાત કરો. સાસરિયાવાળાઓને પણ નરમી અને પોતીકાપણા સાથે મનાવવાનો પ્રયાસ કરો. કોઈને આ અહેસાસ થવા ન દો કે તમારૂં વલણ કે શૈલી તેમજ અંદાજ સરકારી નોકરીના લીધે ઘમંડી છે. તેમની સામે સ્પષ્ટ કરો કે જે કાર્યોની તમારાથી માગણી કરવામાં આવી રહી છે, તેમને નહીં કરવાનું કારણ આ છે કે એ નાજાઈઝ છે અને અલ્લાહની નારાજગીને નિમંત્રણ આપનારા છે. આશા છે કે આ યુક્તિથી તમે તમારા પતિ અને સાસરિયાવાળાઓનો પોતાના સહમત બનાવી લેશો. છેલ્લી વાત આ છે કે પતિ દ્વારા પોતાની પત્નીને નાફરમાન કહી દેવાથી એ નાફરમાન નથી થઈ જતી. દીનની બાબતમાં પત્ની પતિની કોઈ વાત ન માને તો તેને જહન્નમી કહેવાનો કોઈ હક્ક નથી. જહન્નમી એ સ્ત્રી કે પુરુષ હશે જે અલ્લાહની નાફરમાનીનું કામ કરે અને ગુનાહોની કોઈ પરવા ન કરે.

## હદીસ

(ત્રીજા પાનાનું ચાલુ)

અને કોઈના વિષે કહેવામાં આવશે કે એ કેટલો બુદ્ધિશાળી છે અને કેટલી હદે હોશિયાર અનો સુસભ્ય-સુસંસ્કૃત અને બહાદુર છે. જો કે તેના હૃદયમાં રાઈ જેટલો પણ ઈમાન નહીં હોય."[૧૦] અનો અમારા પર એક જમાનો એવો વીતી ચૂકયો છે કે કોઈના પણ હાથે ખરીદ-વેચાણ કરવામાં કંઈ જ પરવા થતી ન હતી. જો એ મુસલમાન હોતો તો ઈસ્લામ અને જો ખ્રિસ્તી હોતો તો તેનો વાલી અને જવાબદાર તેને મારી તરફ પલટાવી દેતો.[૧૧] પરંતુ આજે હું ફક્ત ફલાણા અને ફલાણા લોકોથી ખરીદ-વેચાણ કરૂં છું.[૧૨] (બુખારી તથા મુસ્લિમ)





4, Highway Commercial Centre, Danilimda, Ahmedabad-380028 (Gujarat) INDIA.
Customer Care No. +91 98250 37718 | www.empirebakery.in
Follow us on :

**આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)**
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા

| ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.) | ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.) |
| --- | --- |

ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી

**અમારી શાખાઓ :**
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

AFFIL™ AMERICAN excel
ટ્રોલી, સૂટકેશ બનાવનાર અને વેચનાર
હજ્જ અને ઉમરાહ માટે સ્પેશ્યલ બેગ મળશે.
સૈફ લગેજ મો : ૯૮૨૫૧૮૬૯૧૧
સલોની ફલેટ સામે, ગન હાઉસ પાસે, સૈયદવાડા, ખાનપુર,
અ'બાદ-૦૧ ● ઓફિસ : ૦૭૯-૨૫૫૧૦૬૯૮




સમીર સાબુવાલા ૯૮૨૪૫ ૪૭૯૯૮
પ્રો. યૂનુસભાઈ સાબુવાલા
ફિરદૌસ
રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ કાપડ મળશે અને ચણીયાના છૂટક તથા જથ્થાબંધ વેપારી
મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે
ઢાલગરવાડ, કાપડ બજાર, અ'બાદ-૩૮૦૦૦૧.

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેકશન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

# આંખોને કમજોર કરી શકે છે તમારી ટેવો



સંપાદક મંડળ

તમે જાણો છો કે આંખો કેટલી અમૂલ્ય હોય છે. તેમ છતાં આના પ્રત્યે બેદરકારી દરેક માણસ કરી જ બેશે છે, પછી એ અજાણતામાં કરાયેલ ભૂલ જ કેમ ન હોય, પરંતુ હવે આ ભૂલ કરવાની નથી, કેમકે એક નાની સરખી ભૂલ તમારા જીવનને મુશ્કેલીમાં નાખી શકે છે. આથી આજથી કોઈ ભૂલ ન કરો. પૂરી દરકાર રાખો. આવો, જાણીએ કે એ કઈ કઈ ટેવો છે જેમને તમે રૂટીનના આધારે અજાણતામાં કરો છો. આમના વિષે જાણીને તમે અવશ્ય ચોંકી જશો, જેમનાથી આપણી આંખોને નુકસાન પહોંચે છે.

**ઓછા પ્રકાશમાં કે સૂઈને વાંચવાની ટેવઃ**

ઓછા પ્રકાશમાં કે સૂઈને વાંચવાની ટેવ પણ આંખોના સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે. અંધારામાં વાંચવાથી આંખોને આગળ જતાં નુકસાન થઈ શકે છે, કેમકે ઓછા પ્રકાશના લીધે આંખોની કીકીઓ ફેલાઈ (પહોળી થઈ) જાય છે, જેનું પરિણામ આ આવે છે કે દૃષ્ટિ-ક્ષેત્રની તીવ્રતા એટલે કે આંખના ફોકસમાં નજીક અને દૂરની વસ્તુઓની વચ્ચેનો તફાવત ઘટતો જાય છે.

**સ્ક્રીન ટાઈમ**

આંખના કેટલાક ડોકટરો મુજબ ઈલેકટ્રોનિક સ્ક્રીન, જેમકે આપણા કોમ્પ્યુટર, ટેબ્લેટ્સ અને સ્માર્ટ ફોનથી નીકળતો વાદળી પ્રકાશ સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોની જેમ હાનિકારક હોઈ શકે છે. આ ઉપરાંત કોમ્પ્યુટર અને લેપટોપના સ્ક્રીનથી નીકળતા વાદળી પ્રકાશથી આંખો ખરાબ થવાની સાથો સાથ મોતિયા જેવો નેત્રરોગ થઈ શકે છે. કેટલાક લોકો આ કારણથી અનિદ્રાના પણ શિકાર થઈ જાય છે. મોબાઈલ અને કોમ્પ્યુટર આપણી આંખો સાથે સીધા જ સંપર્કમાં રહે છે, આથી સૌથી વધુ નુકસાન આંખોને જ થાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલથી આપણી આંખોનું અંતર ઓછું થાય છે, જેનાથી આંખોની મૂવમેન્ટ ઓછી થાય છે. આ કારણે લાંબા સમય સુધી આંખો એક જ પોઈન્ટ પર ફોક્સ રહે છે. મોબાઈલ અને કોમ્પ્યુટરનો વધારે પડતો ઉપયોગ કરનારા લોકોમાં મુખ્ય સમસ્યા ડ્રાય આઈ સિન્ડ્રોમની હોય છે, આમાં આંખોમાં ભીનાશ ઓછી થવા લાગે છે.

ઘણા લાંબા સુધી મોબાઈલના ઉપયોગથી પણ આંખોને નુકસાન થઈ શકે છે. કેમકે લાંબા સમય સુધી મોબાઈલનો ઉપયોગ કરવાથી તેની સ્ક્રીનથી નીકળનારા ઈલેક્ટ્રોમેગ્નેટિક કિરણો આંખોના વિભિન્ન ભાગો જેવા કે રેટિના અને કોર્નિયા પર પોતાની અસર નાખે છે.

**પલકોને ન ઝપકાવવી**

આપણી પલકો કુદરતી રીતે દિવસમાં હજારો વખત ઝપકે છે, જેથી આંખોને જરૂરી ભીનાશ મળી શકે. આથી આંખોમાં તનાવ-દબાણને દૂર કરવાની સૌથી સરળ રીત છે દર થોડી થોડી વારમાં પલકોને ઝપકાવવી. આનાથી આંખોમાં મૌજૂદ ટૉક્સિન્સ પણ નીકળી જાય છે. નિષ્ણાતો કહે છે કે મોબાઈલ કે પછી અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરતી વખતે આપણે એટલા ડૂબી જઈએ છીએ કે પલકોને ઝપકાવવાનું ભૂલી જઈએ છીએ, જેનાથી આંખો ડ્રાય થઈ જાય છે અને થાકવા લાગે છે.

તમે જોયું હશે કે સતત કોમ્પ્યુટર સ્ક્રીન પર કામ કરતા રહેવાથી તેમનામાં અસહજતા, ખુજલી મહેસૂસ થવા લાગે છે. સામાન્ય રીતે આંખો એક મિનિટમાં ૧૨-૧૫ વખત પલકાય કે ખોલ-બંધ થાય છે. પરંતુ કોમ્પ્યુટર સ્ક્રીન પર કામ કરનારા લોકો એક મિનિટમાં ૪-૫ વખત જ પલકાવે (ખોલ-બંધ કરે) છે. આંખોને ઓછી ઝપકાવવી અને વધુ સમય સુધી કામ કરતા રહેવાથી ડ્રાય આઈ સિન્ડ્રોમ તથા ખુજલી જેવી સમસ્યાઓ થઈ શકે છે. ત્યાં જ બીજી બાજુ કોમ્પ્યુટર પર સતત કામ કરનારાઓની આંખોમાંથી પાણી નીકળવાની સમસ્યા પણ થઈ જાય છે. કેમકે આંખો નહીં ઝપકાવવાથી ચિકાશ (લ્યુબ્રિકેન્ટ) યોગ્ય રીતે આંખોમાં ફેલાતું નથી, અને તેનાથી ખુજલી થાય છે, અને પાણી વહે છે.

સતત ટી.વી. જોવાથી આંખોની દૃષ્ટિ (તેજ,પ્રકાશ) ઘટવા લાગે છે, કેમકે ટી.વી.માંથી નીકળનારા ઘાતક કિરણો આપણી આંખોને બહુ જ વધારે હાનિ પહોંચાડે છે. ક્યારેય પણ બહુ નજીક કે બહુ દૂર અને સૂઈને પણ ટી.વી. જોવું ન જોઈએ. વર્ષ ૨૦૦૭માં થયેલ એક સંશોધન મુજબ ઓછા વર્તુળમાં જોવાના લીધે પણ આંખોનો તેજ (રોશની) ઘટે છે. એટલે કે જ્યારે આપણે એક કેન્દ્ર કે મધ્ય-બિંદુ પર વધુ રાખીએ છીએ. અને બીજી વસ્તુઓને નથી જોતા ત્યારે પણ આપણી આંખોનો પ્રકાશ-તેજ ઘટે છે. મોટી વયના યુવાઓમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. આ સંશોધન "ઇન્વેસ્ટિગેટિવ ઓપ્થોલ્મોલોજી એન્ડ વિઝ્યુલ સાયંસ"માં છપાયું હતું.

**આંખોને વારંવાર મસળવી**

આંખોને વારંવાર હાથ લગાવવાની ટેવ આપણ સૌને હોય છે, પરંતુ આ ટેવ આંખોને નુકસાન પહોંચાડવાનું જ કામ કરે છે. આપણી આંખોમાં કંજક્ટિવનું ખૂબ જ પાતળું પડ હોય છે, જે તેમની રક્ષા કરે છે. તીવ્રતાથી આંખોને મસળવાથી આ પડને નુકસાન પહોંચી શકે છે.

**ધૂમ્રપાન છોડો**

ધૂમ્રપાન તમારા ફેંફસા માટે જેટલું હાનિકારક છે એટલું જ તમારી આંખો માટે પણ છે. અધ્યયનોએ પુરવાર કર્યું છે કે ધૂમ્રપાન ઉંમરને લગતી ડાઘાદાર વિકૃતિ (મૈક્યુલર ડી જનરેશન) મોતિયા અને ઓપ્ટિક તંત્રિકાને નુકસાન પહોંચાડવાનું જોખમ વધારે છે, આ તમામ બાબતો આંખોની રોશની (તેજ, પ્રકાશ)ને ખતમ કરવાનું કારણ બની શકે છે. સિગારેટમાં લગભગ ૪૦૦૦ કેમિકલ હોય છે, જે શરીરમાં જઈ શરીરના અન્ય અંગોની સાથોસાથ આંખોને પણ નુકસાન પહોંચાડે છે. વધારે સિગારેટ પીવાથી આંખોમાં લાલ ડાઘા પડવાની સાથો સાથ આંખોથી જોડાયેલ અન્ય રોગોનો ખતરો પણ વધે છે. રેટિનાના કેન્દ્રને મૈક્યુલા કહેવામાં આવે છે. આપણે પોતાની આંખોની સીધમાં જે વસ્તુઓને જોઈએ છીએ, તેના માટે મૈક્યૂલા જવાબદાર હોય છે. ઉંમર વધવાથી ખાસ કરીને ૬૦ વર્ષની વય પછી મૈક્યૂલાની કાર્યક્ષમતા ધીમે ધીમે ઘટવા લાગે છે, પરંતુ જો તમે ધૂમ્રપાન કરો છો તો મૈક્યૂલાની કાર્યક્ષમતા સમયથી બહુ પહેલાં જ ઘટી જાય છે, અને તમારી આંખો ખરાબ થઈ જાય છે.

બહુ વધારે આલ્કોહોલ પીનારા લોકોની આંખોને પણ એટલી જ હાનિ પહોંચે છે જેટલી કે લીવરને. કેટલાય સંશોધનોથી આ વાત પુરવાર થઈ ચૂકી છે કે બહુ વધારે દારૂ પીનારા લોકોની આંખો તો કમજોર થાય જ છે, પરંતુ સાથે જ તેમની આંખોમાં લાલાશ (રતાશ) ઝડપી ગતિની વસ્તુઓ દેખાવી, રંગો પ્રત્યે સંવેદનશીલતા જેવી કેટલીક સમસ્યાઓ પણ થઈ શકે છે.

**આંખોની સમસ્યાને ઇગ્નોર કરવી**

કેટલીય વખત એવું થાય છે કે તમે પોતાની આંખોને લગતી સમસ્યાઓ, જેમકે ઓછું દેખાવું અથવા જોતી વખતે તકલીફ પડવી વિ.ને હળવાશથી લો છો. આ સમસ્યા તમને બહુ મોટી નથી લાગતી, પરંતુ જો તમે આનો ઇલાજ સમયસર જો નથી કરાવડાવતા તો આ સમસ્યાઓ ચોક્કસપણે મોટું તથા ભયાનક રૂપ ધારણ કરી શકે છે. •••

## ઈસ્લામી ક્વિઝ

### ક્વિઝ નંબર :૧૮૮

પ્ર.૧ ગારે હિરામાં જ્યારે અલ્લાહના ફરિશ્તા (જિબ્રઈલ અમીન) હુઝૂર સ.અ.વ. માટે અલ્લાહનો પ્રથમ પૈગામ (વહ્ય) લઈને આવ્યા ત્યારે આપ સ.અ.વ.ની ઉંમર કેટલી હતી ?

પ્ર.૨ હુઝૂર સ.અ.વ.ની એ દાદીનું નામ જણાવો જેમણે ખાનએ કા'બાને પ્રથમ વખત રેશમી ગિલાફ પહેરાવ્યો હતો.

પ્ર.૩ જન્નતુલ બકીઅમાં દફન થનારા સૌ પ્રથમ સહાબી રદિ.નું નામ જણાવો.

પ્ર.૪ ખુલફાએ રાશિદીન રદિ.માંથી એ ખલીફએ રાશિદ રદિ.નું નામ જણાવો જેમને રાતના અંધકારમાં ખૂબ જ ઉતાવળ, ભય અને વિવશતાની સ્થિતિમાં ફક્ત ૪-૫ માણસોએ જ દફન કર્યા હતા.

### ક્વિઝ નં.૧૮૮ના જવાબો

જ.૧ ૪૦ વર્ષ.
જ.૨ હઝરત અબ્બાસ રદિ.ના વાલિદા નતીલા બિન્તે ખત્તાબ.
જ.૩ હઝરત ઉસ્માન રદિ. બિન મઝઉન.
જ.૪ હઝરત ઉસ્માન ગની રદિ..

એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.




Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
MODASA RICE MILL
RICE, WHEAT MERCHANT AND COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)

સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ


અલ-મદની જ્વેલ્સ
(માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૬૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩




જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ રદિ.એ જંગની આગને વધુ ને વધુ ભડકતી જોઈ ત્યારે તેમણે હઝરત બરાઅ બિન માલિક તરફ ધ્યાન આપતાં કહ્યું કે, 'હે અંસારી યુવાનો! દુશ્મન પર હુમલો કરો!' ત્યારે હઝરત બરાઅ બિન માલિક રદિ.એ પોતાના કબીલાને સંબોધતાં કહ્યું :

"હે અન્સારો! તમારામાંથી કોઈ વ્યક્તિ મદીના પાછા ફરવાનું વિચારે નહીં. આજ પછી તમારા માટે મદીના નથી. આજે તો માત્ર એક અને અદ્વિતીય અલ્લાહને રાજી કરવાની ઇચ્છા છે અને... અને પછી જન્નત છે. પછી તેમણે મુશ્રિકો પર હુમલો કર્યો. આ હુમલામાં તેમના કબીલાના લોકોએ તેમને પૂરો સાથ આપ્યો. તેઓ હરોળો તોડીફાડી નાખતા હતા, તલવારબાજીના જોરદાર કારનામા કરતા હતા અને દુશ્મનોની ગરદનો પર તેમની તલવારની ધારને અજમાવતા હતા. આમ, મુસૈલમા અને તેના સૈનિકોના પગ ઊખડી ગયા અને તેઓએ ભાગીને એક બાગમાં આશરો લીધો જે પછી ઇતિહાસમાં "હદીકતુલ મૌત" તરીકે પ્રખ્યાત થયો. કારણ કે તે દિવસે આ બાગમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા અને લાશોના ઢગલા લાગી ગયા હતા.

"હદીકતુલ મૌત" એક ખૂબ જ વિશાળ અને ઊંચી દીવાલોવાળો બાગ હતો. મુસૈલમા અને તેના હજારો અનુયાયીઓએ આ બાગમાં શરણ લીધા બાદ, અંદરથી દરવાજા બંધ કરી દીધા અને ઊંચી દીવાલોની પાછળ પોતાને સુરક્ષિત કરી લીધા. ત્યારબાદ તેઓ અંદરથી મુસ્લિમો પર તીર વરસાવવા લાગ્યા. આ સમયે, ઇસ્લામના બહાદુર અને નિર્ભય સૈનિક હઝરત બરાઅ બિન માલિક રદિ. આગળ આવ્યા અને બોલ્યા, "લોકો ! મને ઢાલ પર બેસાડીને ભાલાના સહારે ઉપર ઉઠાવો અને દરવાજા પાસે બાગની અંદર ફેંકી દો, જેથી હું શહાદતનો દરજ્જો પ્રાપ્ત કરી શકું અથવા તમારા માટે દરવાજો ખોલી શકું." હઝરત બરાઅ રદિ. ખૂબ જ હળવા અને પાતળા હતા. તેઓ તરત જ એક ઢાલ પર બેસી ગયા અને ઘણા ભાલાઓએ તેમને ઉપર ઉઠાવી લીધા અને તેમને "હદીકતુલ મૌત"ની અંદર મુસૈલમાના હજારો સૈનિકોની વચ્ચે ફેંકી દેવામાં આવ્યા. અંદર પહોંચતાં જ તેઓ દુશ્મનો પર વીજળીની જેમ તૂટી પડ્યા. તેઓ દરવાજા પાસે સતત લડતા રહ્યા અને દુશ્મનોના ગળા તલવારથી કાપતા રહ્યા. આ રીતે તેમણે દસ લોકોને મારી નાખ્યા અને દરવાજો ખોલી નાખ્યો. આ સમયે તેમના શરીર પર તીર અને તલવારના ઘણા ઘા હતા. મુસ્લિમોએ દીવાલો અને દરવાજાના રસ્તે "હદીકતુલ મૌત" પર હુમલો કર્યો અને જેમણે તેમાં શરણ લીધું હતું તેવા કાફિરોને તેમની તલવારોની ધાર પર રાખ્યા અને લગભગ વીસ હજાર મુશ્રિકોને જહન્નમમાં મોકલ્યા બાદ મુસૈલમા સુધી પહોંચીને તેને પણ મારી નાખ્યો. હઝરત બરાઅ રદિ.ના ઘા ની સારવાર કરવા માટે તેમને તંબૂમાં લઈ જવામાં આવ્યા. હઝરત ખાલિદ બિન વલીદ રદિ. સારવારના સંદર્ભમાં એક મહિના સુધી તેમની પાસે રહ્યા. ત્યાં સુધીમાં અલ્લાહ તઆલાએ તેમને સંપૂર્ણ સ્વસ્થ કર્યા અને તેમના હાથે મુસ્લિમોને શાનદાર વિજય પ્રદાન કરી.

હઝરત બરાઅ બિન માલિક રદિ. હંમેશાં શહાદતના મુકામને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા રાખતા હતા. આ પવિત્ર ઇચ્છાને પૂરી કરવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા. નબીએ કરીમ સ.અ.વ.ની મુલાકાત લેવા અને ઇસ્લામની સેવામાં શહીદ થવાના મહાન ધ્યેયને સિદ્ધ કરવા માટે તેઓ અલગ અલગ યુદ્ધોમાં ભાગ લેતા હતા. દરેક યુદ્ધમાં તેઓ સૌથી વધુ જોખમી સ્થળે હાજર રહેતા. એક વખત મુસ્લિમોએ ઈરાનના પ્રખ્યાત શહેર તસ્તર પર ચઢાઈ કરી. ઈરાનીઓ એક મજબૂત કિલ્લામાં સંતાઈ ગયા. મુસ્લિમોએ કિલ્લાને ચારે બાજુથી ઘેરી લીધો. લાંબા સમય સુધી ઘેરાબંધી ચાલુ રહી. હારની નજીક આવીને ઈરાનીઓએ કિલ્લાની દીવાલ પરથી લોખંડની તીક્ષ્ણ નોકવાળી લાંબી સાંકળો ફેંકવાનું શરૂ કર્યું. આ સાંકળોને આગમાં ગરમ કરીને લાલ કરવામાં આવતી હતી. આ સાંકળો મુસ્લિમોના શરીરમાં વાગતાંની સાથે જ ચોંટી જતી. પછી ઈરાનીઓ તેમને ઉપર ખેંચી લેતા. આવી જ એક સાંકળ હઝરત બરાઅ રદિ.ના ભાઈ હઝરત અનસ બિન માલિક રદિ.ના શરીરમાં વાગી ગઈ. આ જોઈને હઝરત બરાઅ રદિ.તરત જ દીવાલ તરફ દોડી ગયા અને સાંકળને પકડી લીધી. તેઓ પોતાના ભાઈને બચાવવા માટે સાંકળને ખેંચવા લાગ્યા. આ દરમિયાન તેમના બંને હાથ બળી ગયા પણ તેમણે ભાઈને છોડ્યો નહીં. આખરે તેમણે ભાઈને બચાવી લીધો પણ પોતે ઘાયલ થઈને જમીન પર પડી ગયા. તેમના હાથનું તમામ માંસ બળી ગયું હતું અને માત્ર હાડકાં જ બચ્યા હતા.

આ યુદ્ધ દરમિયાન હઝરત બરાઅ બિન માલિક રદિ.એ દુઆ કરી હતી કે અલ્લાહતઆલા તેમને શહાદતના સન્માનથી નવાજે. તેમની આ દુઆ અલ્લાહની બારગાહમાં કબૂલ થઈ અને તેમની લાંબા સમયથી ચાલતી આવતી ઇચ્છા પૂરી થઈ. તેઓ યુદ્ધના મેદાનમાં શહીદ થયા અને અલ્લાહના દીદારની અનમોલ અને ઈર્ષા કરવા જેવી નેમતથી નવાજવામાં આવ્યા. અલ્લાહતઆલા હઝરત બરાઅ બિન માલિક અન્સારી રદિ.ના ચહેરાને જન્નતમાં ખુશનુમા અને તાજો રાખે અને તેમની આંખોને પોતાના નબી મુહમ્મદ મુસ્તુફા સ.અ.વ.ના દીદારથી ઠંડી કરે. તેમનાથી રાજી થાય અને તેમને ખુશ કરે. આમીન.

•••

# સરકારની ખાલી તિજોરીઓ ભરવા સુન્ની વકફ બોર્ડની સંપત્તિ વેચવા કાઢી છે ?

સરકાર સંસદના ચાલુ સત્રમાં જ વકફ બિલ પસાર કરવાની વેતરણમાં છે કારણ કે આ ઇલેક્શનની મોસમ છે. ડગુ મગુ સરકાર ગમે તેમ કરી ને આ બિલ મંજૂર કરાવી લઈ હિંદુઓને રાજી કરી તેમના મતો પોતાના પક્ષને મળે તેમ ઇચ્છે છે. બિનસાંપ્રદાયિક હિંદુ ભાઈઓ આત્મ મંથન કરી સરકારના આ મલીન પ્રયાસને નિષ્ફળ બનાવે. ધાર્મિક લાગણીઓને ઉશ્કેરવાથી અથવા મંદિરો પાછળ લખલૂટ ખર્ચ કરવાથી ગરીબોનો પેટ ભરાવાનો નથી. આમ આદમીને પોતાની હલાલ કમાઈ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. તેને ગ્રામ પંચાયતો નગરપાલિકાના સભ્યો, કોર્પોરેટરો વિધાનસભ્યો, સંસદ સભ્યો અથવા રાજ્યસભાના સભ્ય બની રાતોરાત અમીર બની જવું નથી. કારણ કે લુચ્ચાઈ, બેઈમાની, દગાબાજી, જૂઠ કે પ્રપંચ કરી શકતો નથી. તેના લોહીમાં આ ગુણ નથી તેથી તેઓ લાચાર બની દરેક ચૂંટણી વખતે નારાઓના ઠાલા વચનોમાં આવી જાય છે. પોતાના અમૂલ્ય વોટ અને વેડફી દીધા બાદ તેમને હસરત ભરી નિગાહો થી જુએ છે અને પસ્તાય છે. સરકારી આંકડા પણ સાક્ષી પૂરે છે. આમાંના મોટાભાગના સભ્યો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે અને તેમની સામે એફઆઈઆર પણ દાખલ થયેલ છે.

વિશ્વમાં ભારત જ એક એવો દેશ છે કે જે આવકવેરા એટલે કે ઇન્કમટેક્સ દ્વારા પોતાના ખાતાના જ કર્મચારીઓનો પગાર ચૂકવી શકતો નથી. જેનો અર્થ એ જ થયો કે ક્યાં તો આખુ ખાતુ બિનકાર્યક્ષમ છે. લાંચ-રુશ્વત લઈ તેઓ સરકારી તિજોરીમાં પૈસા જમા થવા દેતા જ નથી, અથવા તો તેમની અને ધનિકોની મિલીભગતને લીધે ઇન્કમટેક્સ કાયદા મુજબ ટેક્સ ભરેલ જ નથી. આ જનતા તથા નાના વેપારીઓ જ ઈમાનદારીથી ટેક્સ ભરી પોતાની અવદશા રડતો રહે છે. તેમની મિલકતો વેચાઈ ગઈ છે, સોનું વેચાઈ ગયું છે.

ગ્રામ પંચાયતથી માંડી કેન્દ્ર સરકારની તિજોરીઓ ખાલી છે. તેઓ પોતાના કર્મચારીઓને પગાર પણ ચૂકવવા અશક્તિમાન છે. ગ્રામ પંચાયત ગોચર, સ્મશાન ગ્રહો તથા કબ્રસ્તાનની જમીનો વેચી કર્મચારીઓને પગાર ચૂકવી રહી છે. નગરપાલિકાઓ મહાનગરપાલિકાઓ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારો બ્રિટિશ જમાનાની જૂની કચેરીઓ ગેસ્ટહાઉસો સ્કૂલો પ્લેગ્રાઉન્ડ તથા હાઇવેની કપાત જમીનો વેચી રોકડી કરવા મજબૂર છે. બધું જ વેચાઈ ગયા બાદ હવે સરકારની આંખ સુન્ની મુસ્લિમ બોર્ડની અબજોની મિલકત ઉપર મંડાઈ છે. નિષ્પક્ષ ન્યાય સો ટકા શુદ્ધ બિનસાંપ્રદાયિક તથા લોકશાહી બંધારણીય સોગંદ ખાઈ સત્તા ઉપર આવેલી સરકાર એક કાંકરે બે પક્ષી મારવાની ટોમાં છે. આથી હિંદુઓ ખુશ ખુશાલ થઈ જાય અને ચૂંટણીઓમાં પોતાના પક્ષને જંગી બહુમતી મળી જાય અને ધાર્મિક એજન્ડા વાળી સરકાર આવી જાય. અને આપખુદશાહીમાં બંધારણને ફેરવી નાખી શકાય. ભારતના મતદારો એટલા ભોળા નથી કે તેમના પોતાના જ પગ ઉપર કુહાડી મારે. સરકાર પહેલા મંદિરોની સંપત્તિ ઉપર કરતાં નજર જમાવી શકી હોત. આથી કંગાળ સરકારની તિજોરીઓ ભરાઈ જવાની નથી. દેશની મોટી બેંકો પોતાના ખાતેદારોને તેમની હલાલની કમાઈ ઉપર વ્યાજ ચૂકવવામાં પણ નિષ્ફળ ગઈ છે. વૃદ્ધો, વિધવાઓ તથા ગરીબોને ફિક્સ્ડ બચત બોન્ડનો વ્યાજ લેવા લાંબી લાઇનોમાં ઊભા રહેલા મેં જોયા છે. જ્યાં સુધી કોઈ મોટી રકમ જમા કરાવવામાં આવે અથવા મેઈન બ્રાન્ચમાંથી કેશ (રોકડ)ના આવી જાય ત્યાં સુધી વલખાં મારવા પડે. આ બેરો મીટરથી અર્થશાસ્ત્રીઓ સરકારને સચેત કરવા માગે છે. પરંતુ આ સરકારતો ધનિકો માટે જ સત્તા ઉપર આવી છે. આવકની અસમાનતાની ખાઈ ખૂબ જ પહોળી તથા ઊંડી થઈ ગઈ છે. ગામડાઓ ગૃહ ઉદ્યોગો તથા નાના વેપારીઓને પાયમાલ કરીને રહેશે. તેમાં રોજગારી ઊભી કરી શકવાની નથી. રીવરફ્રન્ટ, મોટા બંધો, હાઇવે તથા ગગનચૂંબી ઇમારતો બાંધીને બેરોજગારીમાં સતત વધારો કરી રહી છે. લાંબા વિચાર વગર હાલની ગંભીર સમસ્યાઓ ઉકેલાઈ જવાની નથી. આવનાર પેઢી આથી બહેતર જીવન જીવવો જ પડશે.

*લે. યૂસુફ નાગોરવાલા*

મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com
website: www.twistplasticmachinery.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ

કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# સ્વામીજીના વિચારોમાં પરિવર્તન આવ્યું!



અપમાન અને વાંધાઓ બે પ્રકારના હોય છે અને બંને માટે અલગ અલગ અભિગમ અપનાવવો જરૂરી છે. એક તો અપમાન માત્ર અપમાન માટે હોય છે, જેના પાછળ અપમાનનો ભાવ અને અપમાનની રાજનીતિ કામ કરતી હોય છે. બીજું અપમાન ગેરસમજણોનું પરિણામ હોય છે, જેને દૂર કરવા માટે ગેરસમજણો દૂર કરવી જરૂરી હોય છે.

લગભગ વીસ વર્ષ પહેલાની વાત છે. કાનપુરના સ્વામી લક્ષ્મીશંકર આચાર્યએ ઈસ્લામ વિરુદ્ધ એક ખતરનાક પુસ્તક લખ્યું હતું. ઝેરથી ભરેલું એ પુસ્તક. પુસ્તકનો સારાંશ એ હતો કે "ઈસ્લામ આતંકવાદનું બીજું નામ છે, આ જ ઈસ્લામ છે, આ જ કુર્આન છે અને આ જ ઈસ્લામના પયગંબર છે." આ પુસ્તકને હિંદુત્વવાદી જૂથો દ્વારા ખૂબ પ્રચારવામાં આવ્યું હતું અને ઈસ્લામ વિરુદ્ધ ખૂબ ઉપયોગમાં લેવાયું હતું. એ લગભગ ૯/૧૧ નો સમય હતો, જયારે સમગ્ર વિશ્વમાં ઈસ્લામ વિરોધી એક ખતરનાક માહોલ બન્યો હતો.

આ પુસ્તક વિરુદ્ધ એક પ્રતિક્રિયા તો શોરશરાબાની થઈ શકે, જેમ કે મુસ્લિમ સમાજનો ત્યારે સામાન્ય મિજાજ હતો. પરંતુ એનાથી વિપરીત, જમાઅતે ઈસ્લામી હિંદના લોકોએ એક ખૂબ જ આદર્શ અને ઐતિહાસિક ભૂમિકા ભજવી. સ્વામીજી સાથે મુલાકાત કરી અને તેમની સેવામાં મૌલાના મૌદૂદીનો કુર્આનનો હિંદી અનુવાદ અને મૌલાના મુહમ્મદ ઈનાયતુલ્લાહ સુબહાનીની પુસ્તક "મુહમ્મદ અરબી"નો હિંદી અનુવાદ આપ્યો અને સ્વાભાવિક રીતે આ વિષય પર તેમની સાથે વિગતવાર ચર્ચા અને વાતચીત પણ થઈ હશે.

એનું પરિણામ જુઓ કે થોડા સમય પછી સ્વામીજીએ પોતાની પ્રથમ પુસ્તકના જવાબમાં જાતે જ એક પુસ્તક લખ્યું અને એ પુસ્તકનું નામ રાખ્યું, "ઈસ્લામ: આતંક કે આદર્શ", જેનો અનુવાદ ભારતની ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે અને ન જાણે કેટલા મનમાં રહેલી ગેરસમજણો દૂર કરવાનું કારણ બની રહ્યું છે.

મારા પ્રિય મિત્રો! તમારી પ્રતિક્રિયા ખૂબ જ મહત્ત્વની હોય છે, આ પ્રતિક્રિયા કોઈને ઈસ્લામથી ખૂબ દૂર પણ કરી શકે છે અને કોઈને ઈસ્લામથી ખૂબ નજીક પણ કરી શકે છે. માટે શોરશરાબા કરવાને બદલે હંમેશા આવા મામલાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ અને હંમેશા ઈસ્લામની દાવતનો પ્રતિભાવ આપવાનો પ્રયાસ કરવો જોઈએ. કોણ જાણે ક્યારે કોના દિલની દુનિયા બદલાઈ જાય !

*(અબુલ આલા સૈયદ સુબ્હાની)*

# જલ્સએ સીરતુન્નબી ﷺ અને ઇનામ વિતરણ કાર્યક્રમ આયોજન



લાંબડિયા : જલ્સએ સીરતુન્નબી અને ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સોમવારે લાંબડિયા મુકામે થયું હતું. આ સીરત ક્વિઝ કોમ્પિટિશનમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કોમ્પિટિશન લાંબડિયા મુસ્લિમ સમાજ દ્વારા યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમ પહેલાં લાંબડિયા મદ્રસામાં આયોજિત આ સ્પર્ધામાં ૧૧ થી ૭૧ વર્ષની વય જૂથના લોકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. મહિલાઓ, પુરુષો અને યુવાનોએ દીની જોશ સાથે આ કાર્યક્રમમાં જોડાયા હતા. લાંબડિયા સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, યુથ સર્કલના પદાધિકારીઓ અને અન્ય સભ્યોએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ સિરત ક્વિઝ સ્પર્ધાને સફળ બનાવવામાં લાંબડિયા મુસ્લિમ યુથ સર્કલ અને મૌલના અબ્દુર્રશીદ નદવીએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. લાંબડીયા થરાદી મેમણ જમાઅતનો પણ આ કાર્યક્રમમાં સહકાર મળ્યો હતો.

અહમદાબાદથી આવેલા થરાદી મેમન જમાઅતના પ્રમુખ, ડૉ. યાકૂબ મેમન, ડૉ. અબ્દુલ કાદર સાચોરા, મુસ્તફા ભાઈ ગુજરાત, રાજસ્થાન થરાદી કાઉન્સિલના ઝિમ્મેદારો હાજી અહમદભાઈ ભાઈ સાચોરા, અય્યુબ ભાઈ મેમન, અબ્દુલ કાદિર નેતાજી, હાજી જાન મોહમ્મદ સડાવાલા, મૌલાના નૌશાદ આલમ સાહબે આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. કાર્યક્રમમાં વિજેતાઓને કુલ ૬૦,૦૦૦ રૂપિયાની કિંમતના ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઈનામોમાં મેડલ, ટ્રોફી અને વોટર કુલર જેવી વસ્તુઓનો સમાવેશ થતો હતો.

Irfan Memon
Riyaz Memon
98246 41965
We give the purity GOLD, SILVER & DIAMOND
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting

6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

## વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
ફોન: ૬૩૫૬૧૬૨૭૬૮

મો. આદીલ : 9900007867
શાહ-એ-આલમ ટ્રેડીંગ કંપની
તીરૂપતી ફોર્ચ્યુન પામોલીન
ગુલાબ સફોલા અંકુર

તેલના છુટક તથા જથ્થાબંધ વહેપારી
મોહંમદી સોસાયટીની સામે, શાહ-એ-આલમ, અહમદાબાદ-૩૮૦૦૨૮

SHAHEEN WEEKLY

| | | |
|---|---|---|
| Bank A/c. No. | : | 163110100013154 |
| Bank/Branch | : | BOMBAY MERCANTILE CO-OP BANK LTD |
| IFSC Code | : | BMCB0000039 |
| Affiliated | : | AXIS BANK LTD. |

NEFT

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**